# દર્દી માટે સૂચના
# તમારા નમૂનાને એકત્રિત કરવા માટે

**તમે શરુ કરો તે પહેલા**
**તમારા GP એ તમને આ પરીક્ષણ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું કહ્યું છે.**
**લેબલ પર તમારું નામ અને તમારી જન્મ તારીખ લખવા માટે કાળી અથવા વાદળી પેનનો ઉપયોગ કરો.**
**જ્યારે તમે માસિક (ઋતુ સ્રાવ) માં હોવ ત્યારે પરીક્ષણ ન કરાવો, તે સમાપ્તિ થાય ત્યાં સુધી રાહ જુઓ અને પછી પરીક્ષણ કરાવો.**

FIT (ફૈકલ ઇમ્યુનોકેમિકલ ટેસ્ટ) એક તપાસ છે જે મળમાં રક્તની હાજરી માટે કરવામાં આવે છે જ્યારે તે દેખાવા માટે ખુબ ઓછી માત્રામાં હોય.

તમારા GP એ કેન્સરનું નિદાન કરવા માટે, તમારા લક્ષણોની તપાસના ભાગ રૂપે, આ પરીક્ષણનો કરાવવાં કહ્યું છે. જો તમે મુસાફરી કરવાના હોવ અથવા રજા પર જવાના હોવ તો તમારા GP ને કહો.

FIT કીટમાં નાનોનું પ્લાસ્ટિક કન્ટેનર શામેલ છે. તમારે પરીક્ષણ પૂર્ણ કરવું જોઇએ અને આને શક્ય તેટલું જલદી તમારા GP પ્રેક્ટિસમાં પરત કરવું જોઈએ. કૃપા કરીને તમારા મળને એકત્રિત કરવા માટે એક પછી એક પગલાની સૂચનાઓનું પાલન કરો.

## 1. તમારા નમૂનાને લેબલ કરો




તમારું **નામ, જન્મ તારીખ** અને **તમે તમારું મળ એકત્રિત કર્યું તે તારીખ** કાળી અથવા વાદળી પેનનો ઉપયોગ કરીને સૂચિત સ્થાને લખો. જો લેબલ પર તમારી વિગતો પહેલેથી જ છે તો કૃપા કરીને તપાસો કે તે સાચી છે.

## 3. નિષ્કર્ષણ ઉપકરણ સાથે તમારા મળનો નમૂનો લો



નમુનાની નળીનું ટોચનું સ્ક્રુ ઘડિયાળની વિરુદ્ધ દિશામાં ખોલો, સ્ટીકને દૂર કરો અને **મળની સાથે સ્ટિકના છેડાને ઘસો.** સ્ટીક પર ખુબ થોડી માત્રામાં મળની જરૂર પડે છે.

## 2. મળનો નમૂનો કેવી રીતે લેવો




**તે મહત્વનું છે કે તમારા મળ (પૂ) નો નમૂનો શૌચાલયના પાણીના સંપર્કમાં આવે નહીં.**

તમારા મળને એકત્રિત કરવા માટે વિવિધ રીતો છે, પ્રયત્ન કરો:

A. તમારા હાથમાં ટોઇલેટ પેપરની ફોલ્ડ કરેલ લંબાઈ રાખો.
B. તમારા હાથ પર નાની, નિકાલજોગ પ્લાસ્ટિકની બેગ / હાથમોજું પહેરો.
C. ટૉઇલેટ પેપરની શીટ સાથે રાખેલ સ્વચ્છ, નિકાલજોગ કન્ટેનરમાં મળ કરો જેથી કરીને પછી તમે સરળતાથી મળને શૌચાલયમાં સરકાવી શકો.

તમને તે રસ્તો મળી શકે છે જે તમારા માટે સરળ છે, પરંતુ ખાતરી કરો કે તમે પાણીને સ્પર્શ કરતા પહેલા તમારા મળના નમૂનાને લઈ લો.

**વિશેષ ધ્યાન આપો: કૃપા કરીને નમૂનાની ટ્યુબ પર નમૂનો લીધો તે તારીખ લખો**

સૂચનાઓ પાનાની પાછળની બાજુ ચાલુ...

### 4. કન્ટેનર બંધ કરો અને સીલ કરો




નમૂનાની સ્ટીકને ફરીથી ટ્યુબમાં ભરાવો. ખાતરી કરો કે ટ્યુબ ક્લિક્સ બંધ છે અને પ્લાસ્ટિકની બેગમાં મૂકો.

**તમારા હાથ ધોવાનું ભૂલશો નહીં!**

### 5. તમારો નમૂનો આપો




તમારા નમૂનાને તમારા GP પ્રેક્ટિસ પાસે લઈ જાઓ અને તેને રિસેપ્શન પર એકત્રિત કરવા અને **7 દિવસની અંદર** ચકાસવા માટે આપી દો.



### 6. પરિણામો

તમારા GP 10 દિવસની અંદર પરિણામ પ્રાપ્ત કરશે અને પરિણામ વિશે વાત કરવા માટે તેઓ તમારો સંપર્ક કરશે.

તમારા કૅલેન્ડર પર નોંધ કરો અને જો તમે 2 અઠવાડિયામાં તમારા GP પ્રેક્ટિસ તરફથી કોઈ સંપર્ક કરવામાં ન આવે, તો કૃપા કરીને તેમનો સંપર્ક કરો.

**કૃપા કરીને તપાસો કે તમે બધા પગલાં પૂર્ણ કર્યા છે**
**તમારા નમનાને તમારા GP પ્રેક્ટિસ પર લઈ જાઓ અને તેને રિસેપ્શન પર આપી દો.**

તમારા વિચાર અમારા માટે મહત્વપૂર્ણ છે. અમે દર્દી અને સંભાળ લેનારાઓના પ્રતિભાવનો ઉપયોગ અમારી સેવાઓ વિકસાવવા માટે મદદ કરવા માટે કરીએ છીએ જેથી અમે ખાતરી કરી શકીએ કે અમે શ્રેષ્ઠ શક્ય દર્દી સંભાળ પૂરી પાડીએ છીએ. કૃપા કરીને અમને આ સેવાનો તમારો અનુભવ england.tcstlondon@nhs.net પર ઇમેઇલ દ્વારા જણાવો

*TCST હેલ્થી લંડન પાર્ટનરશીપ, લંડનમાં વધુ સારા સ્વાસ્થ્ય વિતરણને સમર્થન આપવા માટે બધાં લંડન CCG, વેસ્ટ એસેક્સ CCG અને NHS ઇંગ્લેંડ લંડન ક્ષેત્ર વચ્ચે સહયોગનો ભાગ છે.*

લંડન માટે કેન્સર પરિવર્તન સર્વિસ ટીમ (Transforming Cancer Services Team, TCST)
V.1 નવેમ્બર 2018